SPECIAL ISSUE: 04

The Knowledge Spectrum: An International Peer-Reviewed Multidisciplinary Journal

ISSN: 3107-3557 (Online)

68

# NEP-2020માં ભારતીય જ્ઞાન પરંપરાઓનું એકીકરણ

**Dr. Hiren Shantilal Javiya**
Assistant Professor
B. V. D. Arts and Comm. College Bapunagar Ahmedabad, Gujarat

**અભ્યાસ સાર:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)–2020 ભારતીય શિક્ષણ પ્રણાલીમાં મૂળભૂત અને વ્યાપક પરિવર્તન લાવતી નીતિ તરીકે ઊભરી છે. આ નીતિ ભારતીય જ્ઞાન પરંપરાઓના સંરક્ષણ, પુનઃસ્થાપન અને આધુનિક શિક્ષણ સાથેના સંકલન પર વિશેષ ભાર મૂકે છે. ભારતીય જ્ઞાન પરંપરાઓમાં પ્રાચીન ગુરુકુલ પ્રણાલી, તક્ષશિલા અને નાલંદા જેવી વિશ્વવિખ્યાત શિક્ષણ સંસ્થાઓ, વેદ, ઉપનિષદો, દર્શનશાસ્ત્ર, આયુર્વેદ, યોગ, ગણિત, ખગોળવિજ્ઞાન, ભાષાશાસ્ત્ર અને નૈતિક મૂલ્યોનો સમાવેશ થાય છે. આ સંશોધન પત્રમાં NEP–2020 દ્વારા શાળા અને ઉચ્ચ શિક્ષણ સ્તરે ભારતીય જ્ઞાન પ્રણાલીઓને અભ્યાસક્રમ, શિક્ષક તાલીમ, સંશોધન અને બહુવિષયક અભિગમ સાથે કેવી રીતે એકીકૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેનો વિશ્લેષણ કરવામાં આવ્યો છે. સાથે સાથે આ એકીકરણ દ્વારા શીખનારામાં સાંસ્કૃતિક મૂળભૂતતા, નૈતિકતા, સર્વાંગી વિકાસ, તર્કશક્તિ અને ટકાઉ વિકાસ અંગેની સમજ વિકસાવી શકાય તેવા પાસાઓની ચર્ચા કરવામાં આવી છે. અભ્યાસમાં અમલીકરણ સંબંધિત પડકારો તથા સંભાવનાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. અંતે, સંશોધન દર્શાવે છે કે NEP–2020 અંતર્ગત ભારતીય જ્ઞાન પરંપરાઓનું અસરકારક એકીકરણ સમકાલીન અને વૈશ્વિક પડકારોને પહોંચી વળવા સક્ષમ, મૂલ્યઆધારિત અને સર્વાંગી શિક્ષણ પ્રણાલી રચવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

**મુખ્ય શબ્દો:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020, ભારતીય જ્ઞાન પરંપરાઓ, ભારતીય જ્ઞાન પ્રણાલીઓ, અભ્યાસક્રમ એકીકરણ, સર્વાંગી શિક્ષણ, સ્વદેશી શિક્ષણ પદ્ધતિઓ, શૈક્ષણિક સુધારાઓ, સાંસ્કૃતિક વારસો, NEP-2020માં ભારતીય જ્ઞાન પરંપરાઓનું એકીકરણ

---

## ૧. પ્રસ્તાવના:

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ભારતીય શિક્ષણ પ્રણાલીમાં મૂળભૂત અને વ્યાપક પરિવર્તન લાવતી એક દીર્ઘદૃષ્ટિવાળી નીતિ તરીકે ઊભરી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ભારતની શિક્ષણ પ્રણાલીમાં એક ઐતિહાસિક અને દુરંદેશી પરિવર્તનનું પ્રતિક છે. સ્વતંત્રતા પછીની આ ત્રીજી મોટી નીતિ છે, જે ૧૯૬૮ અને ૧૯૮૬ની નીતિઓ પછી રચાઈ છે. જેનો મુખ્ય ઉદ્દેશ ૨૧મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરતી વખતે ભારતીય મૂળભૂતતા પર આધારિત શિક્ષણ પ્રણાલી વિકસાવવાનો છે. આ નીતિમાં શિક્ષણને માત્ર રોજગારલક્ષી બનાવવાને બદલે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ—શારીરિક, બૌદ્ધિક, નૈતિક, સાંસ્કૃતિક અને

આધ્યાત્મિક વિકાસ—પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને, ભારતીય સંસ્કૃતિ, મૂલ્યપ્રણાલી, જીવનદર્શન અને પરંપરાગત જ્ઞાનને શિક્ષણના કેન્દ્રસ્થાને લાવવાનો પ્રયાસ NEP–૨૦૨૦ની વિશિષ્ટતા છે. વૈશ્વિક સ્તરે ભારતને 'જ્ઞાન મહાશક્તિ' તરીકે સ્થાપિત કરવાના લક્ષ્ય સાથે, NEP–૨૦૨૦ ભારતીય જ્ઞાન પરંપરાઓ ના સંરક્ષણ, પુનઃસ્થાપન અને આધુનિક શિક્ષણ સાથેના સંકલન પર વિશેષ ભાર મૂકે છે. ભારતીય જ્ઞાન પરંપરાઓ જેમ કે વેદો, ઉપનિષદો, દર્શનશાસ્ત્ર, આયુર્વેદ, યોગ, ગણિત, ખગોળવિજ્ઞાન, વ્યાકરણ, અર્થશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર તથા નૈતિક-માનવ મૂલ્યો ભારતની પ્રાચીન શિક્ષણ પરંપરાનું મજબૂત આધારસ્તંભ રહ્યા છે. ગુરુકુલ પ્રણાલી, નાલંદા અને તક્ષશિલા જેવા વિશ્વવિખ્યાત વિદ્યાપીઠો ભારતને એક સમયના વૈશ્વિક જ્ઞાનકેન્દ્ર તરીકે સ્થાપિત કરતા હતા. પરંતુ ઔપનિવેશિક કાળ દરમિયાન આ પરંપરાઓને ઉપેક્ષા મળતા શિક્ષણ પ્રણાલીમાં ભારતીયત્વ ધીમે ધીમે લુપ્ત થતું ગયું. આ રીતે, NEP–૨૦૨૦ માત્ર શિક્ષણ સુધારાની નીતિ નથી, પરંતુ ભારતની સાંસ્કૃતિક ઓળખ, આત્મનિર્ભરતા અને વૈશ્વિક નેતૃત્વ તરફનું એક સશક્ત પગથિયું છે.

**૧.૧. પૃષ્ઠભૂમિ અને સમસ્યા નિવેદન:**

વર્તમાન શિક્ષણ પ્રણાલી, લાંબા સમયથી, જ્ઞાનના સ્થાનિક અને સાંસ્કૃતિક સ્રોતોને અવગણીને, મોટાભાગે પશ્ચિમી મોડલ પર આધારિત રહી છે. આના પરિણામે વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક જોડાણનો અભાવ, નૈતિક મૂલ્યોનું ધોવાણ અને શિક્ષણના હેતુની સંકુચિતતા જોવા મળી છે. NEP-૨૦૨૦ આ ખામીઓને દૂર કરવા માંગે છે. આ નીતિમાં ભારતીય વિદ્યા, જે પ્રાચીન ગુરુકુલ પ્રણાલીથી લઈને તક્ષશિલા અને નાલંદા જેવા વિશ્વવિખ્યાત જ્ઞાનકેન્દ્રો, વેદ, ઉપનિષદો, દર્શનશાસ્ત્ર, આયુર્વેદ, યોગ, ગણિત, ખગોળવિજ્ઞાન, ભાષાશાસ્ત્ર અને નૈતિક મૂલ્યો સુધી વિસ્તરેલી છે, તેને મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રસ્તાવ છે. શિક્ષણનો હેતુ “જીવન માટેનું જ્ઞાન” આપવાનો હતો, જે વ્યક્તિને આત્મનિર્ભર, કર્તવ્યનિષ્ઠ અને સામાજિક રીતે જવાબદાર બનાવે.

વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં મુખ્ય સમસ્યા એ છે કે તે જ્ઞાનના સ્થાનિક, સાંસ્કૃતિક અને પરંપરાગત સ્રોતોને પૂરતું મહત્વ આપતી નથી. પરિણામે વિદ્યાર્થીઓમાં પોતાની ભાષા, સંસ્કૃતિ અને ઇતિહાસ પ્રત્યેનો જોડાણભાવ નબળો પડતો ગયો છે. નૈતિક મૂલ્યો, જીવનમૂલ્યો અને સામૂહિક જવાબદારી જેવા તત્વો શિક્ષણમાંથી ધીમે ધીમે દૂર થતા ગયા છે. શિક્ષણનો હેતુ માત્ર ડિગ્રી અને રોજગાર પ્રાપ્ત કરવા સુધી સીમિત બનતાં, સર્વાંગી માનવ વિકાસનો મૂળ ઉદ્દેશ અધૂરો રહી ગયો છે.

આ ઉપરાંત, ભારતીય વિદ્યા જેમ કે વેદો અને ઉપનિષદોમાં સમાવાયેલ તત્ત્વજ્ઞાન, દર્શનશાસ્ત્રની વિચારધારા, આયુર્વેદ અને યોગની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, પ્રાચીન ભારતીય ગણિત અને ખગોળવિજ્ઞાનની સિદ્ધિઓ, ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમૃદ્ધ પરંપરા—આ બધું આધુનિક પાઠ્યક્રમમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ પામતું નથી. પરિણામે, વિદ્યાર્થીઓ વૈશ્વિક જ્ઞાન સાથે જોડાય છે, પરંતુ પોતાની જ સંસ્કૃતિના બૌદ્ધિક વારસાથી અજાણ રહે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, NEP–૨૦૨૦ વર્તમાન શિક્ષણ પ્રણાલીની આ મૂળભૂત ખામીઓને દૂર કરવાનો પ્રયાસ કરે છે. નીતિનો મુખ્ય સમસ્યા નિવેદન એ છે કે કેવી રીતે ભારતીય જ્ઞાન પરંપરાઓને આધુનિક શિક્ષણ સાથે સંકલિત કરીને શિક્ષણને વધુ અર્થસભર, મૂલ્યઆધારિત અને સર્વાંગી બનાવવું. NEP–૨૦૨૦ ભારતીય વિદ્યા અને પરંપરાગત જ્ઞાનને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવાનું સ્પષ્ટ

દૃષ્ટિકોણ ધરાવે છે, જેથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક આત્મગૌરવ વિકસે, નૈતિક મૂલ્યો મજબૂત બને અને શિક્ષણ જીવનઉપયોગી બની શકે. NEP–૨૦૨૦ માત્ર પાઠ્યક્રમમાં ફેરફાર કરવાની નીતિ નથી, પરંતુ ભારતીય શિક્ષણ પ્રણાલીને તેના મૂળ સાથે ફરી જોડવાનો એક સચેત અને આવશ્યક પ્રયાસ છે.

**૧.૨. સંશોધનના ઉદ્દેશો:**

આ સંશોધન પત્રનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ના પરિપ્રેક્ષ્યમાં ભારતીય જ્ઞાન પરંપરાઓના એકીકરણનું સઘન અને વિશ્લેષણાત્મક અધ્યયન કરવાનું છે. આ અભ્યાસ દ્વારા પરંપરાગત ભારતીય વિદ્યા અને આધુનિક શિક્ષણ પ્રણાલી વચ્ચેના સંકલનને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંશોધનના વિશિષ્ટ ઉદ્દેશો નીચે મુજબ વિસ્તૃત રીતે રજૂ કરવામાં આવે છે.

(૧) NEP–૨૦૨૦માં ભારતીય જ્ઞાન પરંપરાઓના એકીકરણ માટેની જોગવાઈઓ અને દાર્શનિક આધારનું વિશ્લેષણ કરવું.

આ સંશોધનનો પ્રથમ ઉદ્દેશ NEP–૨૦૨૦માં સમાવાયેલ ભારતીય જ્ઞાન પરંપરાઓ સંબંધિત નીતિગત જોગવાઈઓનું વિશ્લેષણ કરવાનો છે. તેમાં નીતિના મૂળ દાર્શનિક સિદ્ધાંતો—જેમ કે ભારતીયત્વ, સર્વાંગી વિકાસ, મૂલ્યઆધારિત શિક્ષણ અને આત્મનિર્ભર ભારત—સાથે IKSના સંબંધને સમજવાનો સમાવેશ થાય છે. આ સાથે, નીતિમાં દર્શાવાયેલા ભારતીય ભાષાઓ, યોગ, નૈતિક શિક્ષણ અને પરંપરાગત જ્ઞાનના પ્રોત્સાહન પાછળના વિચારતત્વને સ્પષ્ટ કરવાનો પણ આ ઉદ્દેશ છે.

(૨) શાળા અને ઉચ્ચ શિક્ષણ સ્તરે IKS ને અભ્યાસક્રમ, શિક્ષક તાલીમ અને સંશોધનમાં કેવી રીતે સમાવી શકાય તેની પદ્ધતિઓનું મૂલ્યાંકન કરવું.

આ ઉદ્દેશ અંતર્ગત, શાળા શિક્ષણ તેમજ ઉચ્ચ શિક્ષણમાં ભારતીય જ્ઞાન પરંપરાઓને અભ્યાસક્રમનો અભિન્ન ભાગ બનાવવાની સંભવિત પદ્ધતિઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. તેમાં પાઠ્યપુસ્તકોમાં IKS આધારિત વિષયવસ્તુનો સમાવેશ, બહુવિધ શાખાઓ સાથે IKSનું સંકલન, શિક્ષક તાલીમ કાર્યક્રમોમાં પરંપરાગત જ્ઞાન અંગેની ક્ષમતાવર્ધન પ્રક્રિયાઓ, તેમજ યુનિવર્સિટી સ્તરે IKS આધારિત સંશોધન અને નવીન અભ્યાસક્ષેત્રોના વિકાસની શક્યતાઓનો સમાવેશ થાય છે.

(૩) IKSના એકીકરણથી શીખનારામાં સાંસ્કૃતિક મૂલ્યો, સર્વાંગી વિકાસ, તર્કશક્તિ અને ટકાઉ વિકાસ અંગેની સમજ કેવી રીતે વિકસાવી શકાય તેની ચર્ચા કરવી.

આ સંશોધનનો ત્રીજો ઉદ્દેશ એ છે કે ભારતીય જ્ઞાન પરંપરાઓના શિક્ષણમાં સમાવેશથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક જાગૃતિ, આત્મગૌરવ અને નૈતિક મૂલ્યો કેવી રીતે વિકસે છે તેની ચર્ચા કરવી. સાથે સાથે, યોગ, દર્શનશાસ્ત્ર, આયુર્વેદ અને પરંપરાગત વૈજ્ઞાનિક વિચારધારાઓ દ્વારા વિદ્યાર્થીઓની તર્કશક્તિ, સમીક્ષાત્મક વિચારશક્તિ અને માનસિક-શારીરિક સંતુલન પર પડતા સકારાત્મક પ્રભાવનું વિશ્લેષણ કરવું. આ ઉપરાંત, પ્રકૃતિ સાથે સુમેળ, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ જેવા આધુનિક મુદ્દાઓમાં IKSની પ્રાસંગિકતાને ઉજાગર કરવાનો પણ આ ઉદ્દેશ છે.

(૪) IKSના એકીકરણના અમલીકરણમાં આવતા સંભવિત પડકારો અને તેની શક્યતાઓ પર પ્રકાશ પાડવો.

આ સંશોધનનો અંતિમ ઉદ્દેશ ભારતીય જ્ઞાન પરંપરાઓના એકીકરણ દરમિયાન ઉદ્ભવતા વ્યવહારુ, શૈક્ષણિક અને સંસ્થાગત પડકારોની ઓળખ કરવાનો છે. તેમાં યોગ્ય તાલીમપ્રાપ્ત શિક્ષકોની

અછત, અભ્યાસસામગ્રીની ઉપલબ્ધતા, પરંપરાગત જ્ઞાનને આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે સંતુલિત કરવાની મુશ્કેલીઓ તથા અમલીકરણની વ્યૂહરચનાઓ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. સાથે સાથે, આ એકીકરણથી શિક્ષણની ગુણવત્તા, વૈશ્વિક માન્યતા અને ભારતની જ્ઞાનસંપત્તિને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરવાની શક્યતાઓનું મૂલ્યાંકન કરવાનો પણ આ ઉદ્દેશ છે.

**૧.૩. સંશોધનનું મહત્ત્વ:**

આ સંશોધન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦ના સૌથી મહત્ત્વપૂર્ણ અને ક્રાંતિકારી પાસાઓમાંથી એક એવા ભારતીય જ્ઞાન પરંપરાઓના એકીકરણનું સઘન અને વ્યાપક વિશ્લેષણ કરે છે. વર્તમાન વૈશ્વિકીકરણ અને ટેકનોલોજી આધારિત યુગમાં, શિક્ષણ માત્ર કુશળતા વિકાસ પૂરતું સીમિત ન રહે, પરંતુ સાંસ્કૃતિક ઓળખ, નૈતિક મૂલ્યો અને સર્વાંગી માનવ વિકાસને પણ પ્રોત્સાહન આપે—આ દૃષ્ટિએ આ સંશોધન અત્યંત પ્રાસંગિક બની જાય છે. નીતિ નિર્માતાઓ માટે આ સંશોધન વિશેષ મહત્વ ધરાવે છે. NEP–૨૦૨૦માં સૂચવાયેલા IKSના એકીકરણને અમલી સ્વરૂપ આપતી વખતે આવતી વ્યાવહારિક મુશ્કેલીઓ, શક્ય વિકલ્પો અને દીર્ઘકાલીન લાભો અંગે આ અભ્યાસ સ્પષ્ટ દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. પરિણામે, શિક્ષણ સંબંધિત નીતિઓ વધુ અસરકારક, વ્યવહારુ અને ભારતીય સંદર્ભને અનુરૂપ બનાવી શકાય.

શિક્ષણવિદો અને અભ્યાસક્રમ રચનાકારો માટે આ સંશોધન માર્ગદર્શક સાબિત થાય છે. તે દર્શાવે છે કે કેવી રીતે ભારતીય જ્ઞાન પરંપરાઓને આધુનિક વિષયો સાથે આંતરવિષયક રીતે જોડીને અભ્યાસક્રમને વધુ સમૃદ્ધ, અર્થસભર અને જીવનઉપયોગી બનાવી શકાય. આ અભ્યાસ અભ્યાસક્રમમાં સંતુલિત રીતે પરંપરા અને આધુનિકતાનું સંમિશ્રણ સાધવા માટે એક વૈચારિક આધાર પૂરો પાડે છે. શિક્ષકો માટે આ સંશોધન અત્યંત ઉપયોગી છે. IKS આધારિત શિક્ષણ પદ્ધતિઓ, શિક્ષણ-અધ્યયન પ્રક્રિયામાં નૈતિક મૂલ્યો, યોગ, તર્કશક્તિ અને પરંપરાગત વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને કેવી રીતે સમાવી શકાય—તે અંગે આ અભ્યાસ માર્ગદર્શન આપે છે. પરિણામે, શિક્ષકો માત્ર વિષયજ્ઞાન પૂરું પાડનાર નહીં, પરંતુ મૂલ્યઆધારિત અને સંસ્કૃતિસંવેદનશીલ શિક્ષણ આપનાર માર્ગદર્શક બની શકે છે.

વિદ્યાર્થીઓ માટે આ સંશોધનનું મહત્વ વિશેષ છે. IKSના એકીકરણ દ્વારા વિદ્યાર્થીઓમાં પોતાની સંસ્કૃતિ, ભાષા અને પરંપરાઓ પ્રત્યે આત્મગૌરવ અને જોડાણભાવ વિકસે છે. સાથે સાથે, આ અભ્યાસ દર્શાવે છે કે ભારતીય જ્ઞાન પરંપરાઓ દ્વારા તર્કશક્તિ, સમીક્ષાત્મક વિચારશક્તિ, સર્જનાત્મકતા અને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ કેવી રીતે પ્રોત્સાહિત થઈ શકે છે. આ પ્રકારનું શિક્ષણ વિદ્યાર્થીઓને માત્ર કારકિર્દી માટે નહીં, પરંતુ જવાબદાર નાગરિક બનવા માટે પણ તૈયાર કરે છે.

આ ઉપરાંત, આ સંશોધન સંશોધકો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે પણ મહત્વ ધરાવે છે, કારણ કે તે IKS આધારિત નવા સંશોધન ક્ષેત્રો, નવીન અભ્યાસક્રમો અને વૈશ્વિક સ્તરે ભારતીય જ્ઞાનના પ્રસાર માટેની શક્યતાઓને ઉજાગર કરે છે. ભારતીય જ્ઞાન પરંપરાઓને વૈજ્ઞાનિક અને તર્કસંગત દૃષ્ટિકોણથી

રજૂ કરીને, ભારતને વૈશ્વિક જ્ઞાનસમુદાયમાં એક સશક્ત સ્થાન અપાવવાની દિશામાં આ અભ્યાસ યોગદાન આપે છે. આ રીતે, આ સંશોધન માત્ર એક નીતિગત અભ્યાસ નહીં, પરંતુ ભારતીય શિક્ષણ પ્રણાલીની ગુણવત્તા, પ્રાસંગિકતા અને વૈશ્વિક પ્રતિષ્ઠાને મજબૂત બનાવવાનો એક મહત્વપૂર્ણ બૌદ્ધિક પ્રયાસ છે.

**૨. ભારતીય જ્ઞાન પરંપરાઓ અને NEP-2020 નો દાર્શનિક આધાર:**

**૨.૧. ભારતીય જ્ઞાન પરંપરાઓનું સ્વરૂપ:**

ભારતીય જ્ઞાન પ્રણાલીઓ ફક્ત ધાર્મિક ગ્રંથો પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં વિજ્ઞાન, કલા, અર્થશાસ્ત્ર, શાસન અને તત્વજ્ઞાનના બહુવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેની મુખ્ય લાક્ષણિકતાઓ:

**(૧) સર્વાંગી વિકાસ:**

ભારતીય જ્ઞાન પરંપરાઓમાં શિક્ષણનો હેતુ ફક્ત બૌદ્ધિક ક્ષમતાનો વિકાસ કરવાનો નથી, પરંતુ વ્યક્તિના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસને સમાન મહત્વ આપવાનો છે. યોગ અને આયુર્વેદ જેવી પરંપરાઓ શરીર અને મનના સંતુલન પર ભાર મૂકે છે, જ્યારે ઉપનિષદો અને દર્શનશાસ્ત્ર આત્મજ્ઞાન અને ચેતનાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સર્વાંગી અભિગમ આધુનિક શિક્ષણની તુલનામાં વધુ માનવકેન્દ્રિત છે.

**(૨) નૈતિકતા અને મૂલ્યો:**

IKSમાં નૈતિક મૂલ્યો શિક્ષણનો અભિન્ન ભાગ રહ્યા છે. સત્ય, અહિંસા, ધર્મ, કરુણા, સહઅસ્તિત્વ અને સામાજિક જવાબદારી જેવા સાર્વત્રિક માનવીય મૂલ્યો શિક્ષણ દ્વારા સંસ્કારરૂપે વિકસાવવામાં આવતા હતા. આ મૂલ્યો માત્ર વ્યક્તિગત જીવનને માર્ગદર્શન આપતા નથી, પરંતુ સમાજમાં શાંતિ, સહકાર અને સમરસતા સ્થાપિત કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.ગુરુકુલ અને સંવાદ આધારિત શિક્ષણ: જ્ઞાનની રચના પ્રશ્ન, સંવાદ, અને પ્રયોગ દ્વારા થતી હતી.

**(૩) ગુરુ-શિષ્ય પરંપરા અને સંવાદ આધારિત શિક્ષણ:**

ભારતીય શિક્ષણ પદ્ધતિમાં ગુરુ–શિષ્ય પરંપરા કેન્દ્રસ્થાને રહી છે. અહીં શિક્ષણ એકતરફી ઉપદેશ ન રહીને પ્રશ્નોત્તર, સંવાદ, ચર્ચા અને અનુભવ આધારિત હતું. શિષ્યને પ્રશ્ન પૂછવાની અને તર્ક કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હતી, જેના કારણે જ્ઞાનની રચના સક્રિય પ્રક્રિયા બની જતી હતી. આ પદ્ધતિથી સ્વતંત્ર વિચારશક્તિ અને સમીક્ષાત્મક અભિગમ વિકસતો હતો.

**(૪) બહુવિષયક અભિગમ:**

ભારતીય જ્ઞાન પરંપરાઓમાં વિદ્યાશાખાઓ વચ્ચે કડક ભેદરેખા નહોતી. ગણિત, ખગોળશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, તત્વજ્ઞાન અને કલા, બધા પરસ્પર સંકળાયેલા હતા. ઉદાહરણ તરીકે, ખગોળવિજ્ઞાન અને ગણિતના સિદ્ધાંતોનો ઉપયોગ પંચાંગ રચનામાં થતો હતો, જ્યારે વાસ્તુશાસ્ત્રમાં ગણિત અને પ્રકૃતિના સિદ્ધાંતોનું સંકલન જોવા મળે છે. આ બહુવિષયક અભિગમ જ્ઞાનને વધુ વ્યાપક અને પ્રયોગાત્મક બનાવે છે.

**૨.૨. NEP–૨૦૨૦ માં IKS નું સ્થાન:**

NEP–૨૦૨૦નો દાર્શનિક આધાર ભારતીય જ્ઞાન પરંપરાઓ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. નીતિના વિઝન દસ્તાવેજમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતના મૂળભૂત બંધારણીય મૂલ્યો અને

૨૧મી સદીના કૌશલ્યો સાથે પ્રાચીન અને સનાતન ભારતીય મૂલ્ય પ્રણાલીઓનું સંકલન કરવું જરૂરી છે. આ સંકલન દ્વારા શિક્ષણને માત્ર રોજગારલક્ષી નહીં, પરંતુ મૂલ્યઆધારિત અને સમાજોપયોગી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

NEP–૨૦૨૦ અનુસાર, શિક્ષણનું અંતિમ લક્ષ્ય એવી સશક્ત વ્યક્તિઓનું નિર્માણ કરવાનું છે, જે જ્ઞાનસભર, કુશળ, નૈતિક રીતે સંવેદનશીલ અને સામાજિક કલ્યાણ માટે પ્રતિબદ્ધ હોય. આ વિચારધારા IKSના "વસુધૈવ કુટુંબકમ્" અને "લોકસંગ્રહ" જેવા તત્ત્વો સાથે સુસંગત છે. નીતિમાં સ્થાનિક ભાષાઓમાં શિક્ષણ, યોગ અને નૈતિક શિક્ષણનો સમાવેશ, બહુવિષયક અભ્યાસક્રમ, તથા ભારતીય જ્ઞાન પરંપરાઓ પર આધારિત સંશોધનને પ્રોત્સાહન—આ બધું IKSને મુખ્ય પ્રવાહમાં લાવવાના પ્રયત્નો દર્શાવે છે.

આ રીતે, NEP–૨૦૨૦ IKSને ભૂતકાળની વારસાગાથા તરીકે નહીં, પરંતુ વર્તમાન અને ભવિષ્યની શિક્ષણ જરૂરિયાતોને પૂરી પાડનાર સજીવ જ્ઞાનપ્રણાલી તરીકે સ્વીકારે છે. પરિણામે, NEP–૨૦૨૦ અને ભારતીય જ્ઞાન પરંપરાઓ વચ્ચેનું દાર્શનિક સંકલન ભારતીય શિક્ષણ પ્રણાલીને વધુ માનવકેન્દ્રિત, સર્વાંગી અને વૈશ્વિક સ્તરે પ્રાસંગિક બનાવે છે.

**૩. અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રમાં IKSનું એકીકરણ:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ભારતીય જ્ઞાન પરંપરાઓને શિક્ષણના તમામ સ્તરે પુનઃસ્થાપિત કરવાનો સ્પષ્ટ દૃષ્ટિકોણ રજૂ કરે છે. નીતિ અનુસાર, IKSનું એકીકરણ માત્ર પાઠ્યક્રમમાં નવા વિષયો ઉમેરવાનું નથી, પરંતુ શિક્ષણશાસ્ત્ર, મૂલ્યાંકન પદ્ધતિઓ અને અભ્યાસક્રમ રચનામાં મૂળભૂત પરિવર્તન લાવવાનું સાધન છે. આ એકીકરણ દ્વારા શિક્ષણને વધુ સંદર્ભસભર, સંસ્કૃતિસંવેદનશીલ અને જીવનઉપયોગી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**૩.૧. શાળા શિક્ષણ સ્તરે એકીકરણ:**

NEP–૨૦૨૦ શાળા સ્તરે IKSને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના પાયાના સ્તંભ તરીકે જુએ છે. આ સ્તરે શિક્ષણ દ્વારા સાંસ્કૃતિક ઓળખ, નૈતિક મૂલ્યો અને વૈજ્ઞાનિક વિચારશક્તિનું સંતુલિત વિકાસ શક્ય બને છે.

(૧) ભાષાઓ અને સંસ્કૃતિ:

શાળા શિક્ષણમાં ભાષા અને સંસ્કૃતિને કેન્દ્રસ્થાને રાખીને NEP–૨૦૨૦ ત્રિ-ભાષા ફોર્મ્યુલાના માળખામાં શાસ્ત્રીય ભાષાઓ, ખાસ કરીને સંસ્કૃતને એક વિકલ્પ તરીકે પ્રોત્સાહિત કરે છે. સંસ્કૃત માત્ર ભાષા તરીકે નહીં, પરંતુ ભારતીય જ્ઞાન પરંપરાઓનો મુખ્ય સ્ત્રોત હોવાથી તેનો અભ્યાસ વિદ્યાર્થીઓને પ્રાચીન ગ્રંથો સાથે સીધો સંપર્ક કરાવે છે. સાથે સાથે, સ્થાનિક અને માતૃભાષામાં શિક્ષણ પર ભાર મૂકવાથી વિદ્યાર્થીઓની સમજશક્તિ, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક જોડાણ મજબૂત બને છે.

(૨) ગણિત અને વિજ્ઞાન:

NEP–૨૦૨૦ ગણિત અને વિજ્ઞાનના શિક્ષણમાં ભારતીય વિદ્વાનોના યોગદાનને આધુનિક વૈજ્ઞાનિક સંદર્ભ સાથે જોડીને રજૂ કરવાની ભલામણ કરે છે. આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય અને બ્રહ્મગુપ્તના ગણિતીય અને ખગોળશાસ્ત્રીય સિદ્ધાંતો, શૂન્યની વિભાવના અને દશાંશ પ્રણાલીની શોધ, તેમજ ચરક અને સુશ્રુતના આયુર્વેદિક અને શસ્ત્રક્રિયા સંબંધિત જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે તુલનાત્મક રીતે શીખવવાથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને ગૌરવભાવ બંને વિકસે છે.

(૩) કલા અને યોગ:

'કલા-સંકલિત શિક્ષણ' NEP–૨૦૨૦નું એક મહત્વપૂર્ણ અંગ છે. ભારતીય કલા સ્વરૂપો, લોકકલા, શાસ્ત્રીય સંગીત અને નૃત્યને અભ્યાસક્રમમાં સામેલ કરીને શિક્ષણને વધુ જીવંત અને અનુભવાધારિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સાથે સાથે, યોગ અને આયુર્વેદિક જીવનશૈલીને સ્વાસ્થ્ય, સુખાકારી અને માનસિક સંતુલન માટેના અભ્યાસક્રમમાં સામેલ કરીને વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

(૪) ઇતિહાસ અને નૈતિકતા:

NEP–૨૦૨૦ ભારતીય ઇતિહાસના શિક્ષણમાં સંતુલિત અને તટસ્થ અભિગમ અપનાવવાની ભલામણ કરે છે, જેથી વસાહતી દૃષ્ટિકોણથી આગળ વધી ભારતની વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક અને દાર્શનિક સિદ્ધિઓને યોગ્ય સ્થાન મળી શકે. મહાભારત, રામાયણ અને પંચતંત્ર જેવી કથાઓમાંથી નૈતિક, જીવનમૂલ્ય અને સામાજિક જવાબદારી સંબંધિત પાઠોને શિક્ષણમાં ઉપયોગ કરીને મૂલ્યઆધારિત શિક્ષણને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૩.૨. ઉચ્ચ શિક્ષણ સ્તરે એકીકરણ:**

ઉચ્ચ શિક્ષણ સ્તરે NEP–૨૦૨૦ IKSને સંશોધન, નવીનતા અને બહુવિષયક અભ્યાસનો અભિન્ન ભાગ બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. આ સ્તરે IKSનું એકીકરણ ભારતને વૈશ્વિક જ્ઞાનકેન્દ્ર તરીકે પુનઃસ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

(૧) બહુવિષયક અભિગમ અને IKS:

NEP–૨૦૨૦ અનુસાર, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં IKSને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે વિશેષ વિભાગો, કેન્દ્રો અને ચેર સ્થાપવાની ભલામણ કરવામાં આવી છે. આયુર્વેદ અને આધુનિક દવા, પ્રાચીન મેટલર્જી અને આધુનિક એન્જિનિયરિંગ, અથવા દર્શનશાસ્ત્ર અને આધુનિક નૈતિક અભ્યાસ જેવા આંતર-વિષયક અભ્યાસક્રમો દ્વારા પરંપરાગત અને આધુનિક જ્ઞાન વચ્ચે સંવાદ સ્થાપિત કરી શકાય છે.

(૨) તકનીકી શિક્ષણમાં IKS:

આર્કિટેક્ચર, એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ જેવા તકનીકી ક્ષેત્રોમાં ભારતીય જ્ઞાન પરંપરાઓનું યોગદાન વિશાળ રહ્યું છે. વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો, ચાણક્યના અર્થશાસ્ત્રીય વિચાર, તેમજ સિંધુ ખીણ સંસ્કૃતિની અદ્યતન નગરરચના અને સિવિલ એન્જિનિયરિંગ કુશળતાઓને આધુનિક પાઠ્યક્રમમાં સામેલ કરીને શિક્ષણને વધુ સંદર્ભસભર અને દેશીય પરિસ્થિતિને અનુરૂપ બનાવી શકાય છે.

(૩) સંશોધન અને નવીનતા:

NEP–૨૦૨૦ IKS આધારિત સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ પ્રાચીન ગ્રંથોના અનુવાદ, ડિજિટલ આર્કાઇવિંગ અને સંશોધન કેન્દ્રોની સ્થાપનાને મહત્વ આપે છે. IKS

આધારિત સંશોધન દ્વારા નવીનતા, ટકાઉ વિકાસ અને સ્થાનિક સમસ્યાઓના ઉકેલ માટે સ્વદેશી જ્ઞાનનો ઉપયોગ શક્ય બને છે, જે આત્મનિર્ભર ભારતના લક્ષ્યને પણ સમર્થન આપે છે.

**૪. શિક્ષક તાલીમ અને સજ્જતા:**

કોઈપણ શિક્ષણ નીતિની સફળતા તેના દૃષ્ટિકોણ જેટલી જ તેના અમલીકરણ પર નિર્ભર હોય છે, અને આ અમલીકરણની સૌથી મહત્વપૂર્ણ કડી શિક્ષક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –૨૦૨૦માં સૂચવાયેલ ભારતીય જ્ઞાન પરંપરાઓનું સફળ એકીકરણ ત્યારે જ શક્ય બને, જ્યારે શિક્ષકો આ વિચારધારાને સમજતા, સ્વીકારતા અને અસરકારક રીતે વર્ગખંડમાં અમલમાં મૂકી શકે. તેથી, શિક્ષક તાલીમ અને સજ્જતા NEP–૨૦૨૦ના અમલીકરણમાં કેન્દ્રિય ભૂમિકા ભજવે છે.

(૧) શિક્ષણની સંસ્કૃતિકરણ:

NEP–૨૦૨૦ અનુસાર, શિક્ષક તાલીમ કાર્યક્રમોમાં ભારતીય દર્શન, મૂલ્યપ્રણાલી અને પરંપરાગત શિક્ષણશાસ્ત્રનું સંકલન કરવું અનિવાર્ય છે. વર્તમાન શિક્ષક શિક્ષણ કાર્યક્રમો મોટા ભાગે આધુનિક પાશ્ચાત્ય શૈક્ષણિક સિદ્ધાંતો પર આધારિત હોવાથી, તેમાં ભારતીય જ્ઞાન પરંપરાઓનું પૂરતું પ્રતિબિંબ જોવા મળતું નથી. તેથી, નવીન અને સંસ્કૃતિસંવેદનશીલ ટીચર એજ્યુકેશન પોગ્રામ વિકસાવવાની જરૂરિયાત ઊભી થાય છે. આ કાર્યક્રમોમાં ઉપનિષદિક વિચારધારા, ભગવદ્ ગીતા, દર્શનશાસ્ત્ર, યોગ, નૈતિક શિક્ષણ તથા ગુરુ–શિષ્ય પરંપરાના શૈક્ષણિક સિદ્ધાંતોનો સમાવેશ થવો જોઈએ. આ પ્રકારનું સંસ્કૃતિકરણ શિક્ષકોને શિક્ષણને માત્ર વ્યાવસાયિક પ્રવૃત્તિ તરીકે નહીં, પરંતુ એક સામાજિક અને નૈતિક દાયિત્વ તરીકે સમજવામાં મદદરૂપ બને છે.

(૨) સેવાકાલીન તાલીમ:

હાલના શિક્ષકો માટે સેવાકાલીન તાલીમ અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે મોટાભાગના શિક્ષકો પરંપરાગત IKS આધારિત શિક્ષણ પદ્ધતિઓથી પૂરતા પરિચિત નથી. NEP–૨૦૨૦ મુજબ, આવા શિક્ષકોને ભારતીય જ્ઞાન પરંપરાઓના મૂળભૂત સિદ્ધાંતો, તેમની આધુનિક પ્રાસંગિકતા અને વિવિધ વિષયોમાં તેના વ્યવહારુ ઉપયોગ વિશે સઘન તાલીમ આપવી જરૂરી છે. આ હેતુસર, વિષયવિશેષ આધારિત તાલીમ મોડ્યુલો, ઓનલાઈન અને ઑફલાઈન વર્કશોપ્સ, MOOCs, તથા અનુભવ આધારિત શિક્ષણ કાર્યક્રમો વિકસાવી શકાય. ઉદાહરણ તરીકે, ગણિતના શિક્ષકોને પ્રાચીન ભારતીય ગણિતીય પદ્ધતિઓ, વિજ્ઞાનના શિક્ષકોને આયુર્વેદ અને પરંપરાગત પર્યાવરણ જ્ઞાન, તેમજ સામાજિક વિજ્ઞાનના શિક્ષકોને ભારતીય શાસન અને નૈતિક પરંપરાઓ સાથે જોડીને તાલીમ આપવામાં આવી શકે. આ પ્રકારની સેવાકાલીન તાલીમ શિક્ષકોને IKSને અભ્યાસક્રમમાં સરળતાથી અને અસરકારક રીતે એકીકૃત કરવા માટે સક્ષમ બનાવે છે.

(૩) ગુરુ તરીકે શિક્ષક:

NEP–૨૦૨૦ શિક્ષકને માત્ર જ્ઞાન પ્રદાતા તરીકે નહીં, પરંતુ ગુરૂ તરીકે જુએ છે—એવો માર્ગદર્શક જે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે જવાબદાર હોય. ગુરુ–શિષ્ય પરંપરામાં શિક્ષકનું સ્થાન માત્ર પાઠ ભણાવનાર સુધી સીમિત ન રહીને, શિષ્યના ચારિત્ર્ય, વિચારશક્તિ અને જીવનમૂલ્યો ઘડનાર તરીકે સ્વીકારવામાં આવ્યું છે. આ દૃષ્ટિકોણ હેઠળ, શિક્ષકોને વિદ્યાર્થીઓ સાથે સંવાદ, માર્ગદર્શન, મૂલ્યશિક્ષણ અને અનુભવ આધારિત શીખણને પ્રોત્સાહન આપવા માટે પ્રેરિત કરવામાં આવે છે. શિક્ષક–વિદ્યાર્થી સંબંધ

વિશ્વાસ, આદર અને સહઅસ્તિત્વ પર આધારિત હોય ત્યારે જ શિક્ષણ અસરકારક બને છે. ગુરુ તરીકે શિક્ષકની ભૂમિકા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, નૈતિક દૃઢતા અને સામાજિક જવાબદારી વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

**૫. IKSના એકીકરણથી થતા સંભવિત લાભો:**

ભારતીય જ્ઞાન પરંપરાઓનું શિક્ષણ પ્રણાલીમાં સફળ એકીકરણ માત્ર પાઠ્યક્રમિક સુધારા પૂરતું સીમિત નથી, પરંતુ તે વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. NEP–૨૦૨૦ના સંદર્ભમાં IKSનું એકીકરણ શિક્ષણને મૂલ્યઆધારિત, સંસ્કૃતિસંવેદનશીલ અને દીર્ઘકાળીન વિકાસલક્ષી બનાવે છે. તેના સંભવિત લાભો નીચે મુજબ વિસ્તૃત રીતે સમજાવી શકાય છે:

(૧) સાંસ્કૃતિક મૂળભૂતતા અને રાષ્ટ્રીય ગૌરવ:

IKSના એકીકરણ દ્વારા વિદ્યાર્થીઓ પોતાની સમૃદ્ધ સાંસ્કૃતિક અને બૌદ્ધિક પરંપરાઓ સાથે જોડાય છે. પ્રાચીન ગ્રંથો, પરંપરાગત વિજ્ઞાન, કલા અને ભાષાઓનો અભ્યાસ વિદ્યાર્થીઓમાં "આપણું"પણું અને આત્મસ્વીકારની ભાવના વિકસાવે છે. જ્યારે વિદ્યાર્થીઓને ખબર પડે છે કે શૂન્યની કલ્પના, દશાંશ પદ્ધતિ, યોગ, આયુર્વેદ અને લોકશાસન જેવી મહત્વપૂર્ણ વિચારધારાઓ ભારતીય સંસ્કૃતિમાંથી ઉદ્ભવી છે, ત્યારે તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય છે. આ સાંસ્કૃતિક મૂળભૂતતા રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને મજબૂત બનાવે છે અને વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ સાથે આત્મવિશ્વાસપૂર્વક ઉભા રહેવાની ક્ષમતા વિકસાવે છે.

(૨) નૈતિક અને મૂલ્ય-આધારિત શિક્ષણ:

IKSનું કેન્દ્રબિંદુ નૈતિકતા અને માનવીય મૂલ્યો છે. યોગ, આયુર્વેદ અને ભારતીય દર્શનશાસ્ત્રમાં કરુણા, અહિંસા, સહિષ્ણુતા, સેવા, સંયમ અને આત્મનિયંત્રણ જેવા મૂલ્યોનું વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. શિક્ષણમાં આ તત્ત્વોના સમાવેશથી વિદ્યાર્થીઓ માત્ર વિષયજ્ઞાનમાં પારંગત નહીં, પરંતુ ચારિત્ર્યવાન અને સંવેદનશીલ નાગરિક બની શકે છે. આ પ્રકારનું મૂલ્યઆધારિત શિક્ષણ સમાજમાં હિંસા, અસહિષ્ણુતા અને નૈતિક સંકટ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે સક્ષમ માનવ સંસાધન તૈયાર કરે છે.

(૩) વિવેચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણી:

ભારતીય જ્ઞાન પરંપરાઓમાં તર્ક, ચર્ચા અને વિવેચનને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. ન્યાય દર્શન, મીમાંસા અને બૌદ્ધ પરંપરાઓમાં પ્રશ્નોત્તર, તર્કશાસ્ત્ર અને સંવાદ દ્વારા જ્ઞાનની રચના થતી હતી. IKSના એકીકરણથી વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ, વિશ્લેષણાત્મક દૃષ્ટિ અને વિવેચનાત્મક વિચારસરણી વિકસે છે. સાથે સાથે, કલા, સાહિત્ય અને દર્શનશાસ્ત્રના અભ્યાસથી સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિમાં પણ વધારો થાય છે. આ કુશળતાઓ ૨૧મી સદીના જટિલ પ્રશ્નોના ઉકેલ માટે અત્યંત આવશ્યક છે.

(૪) ટકાઉ વિકાસ અંગેની સમજ:

ભારતીય પરંપરાઓમાં માનવ અને પ્રકૃતિ વચ્ચેના સુમેળ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. "ઈશાવસ્ય ઉપનિષદ"માં પ્રકૃતિને સર્વવ્યાપી અને પૂજનીય માનવામાં આવી છે, જ્યારે આયુર્વેદ અને પરંપરાગત જીવનશૈલીઓ સંતુલિત ઉપભોગ અને સંરક્ષણના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપે છે. IKSના એકીકરણ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ, ટકાઉ જીવનશૈલી અને કુદરતી સંસાધનોના જવાબદાર

ઉપયોગ અંગેની સમજ વિકસે છે. આ સમજ આધુનિક ટકાઉ વિકાસના વૈશ્વિક લક્ષ્યો સાથે પણ સુસંગત છે.

**૬. અમલીકરણના પડકારો અને આગળનો માર્ગ:**

ભારતીય જ્ઞાન પરંપરાઓનું શિક્ષણ પ્રણાલીમાં એકીકરણ NEP–૨૦૨૦નું એક મહત્વપૂર્ણ અને દુરંદેશી લક્ષ્ય છે. જોકે, આ પ્રક્રિયા માત્ર નીતિગત જાહેરાતથી પૂર્ણ થતી નથી, પરંતુ તેમાં શૈક્ષણિક, સંસ્થાગત અને વૈચારિક સ્તરે અનેક પડકારો સામેલ છે. આ પડકારોને ઓળખીને તેના માટે વ્યાવહારિક અને દીર્ઘકાળીન ઉકેલો ઘડવા જરૂરી છે.

**૬.૧. પડકારો:**

(૧) ગુણવત્તાયુક્ત સંસાધનોનો અભાવ:

IKSના એકીકરણમાં સૌથી મોટો પડકાર પ્રમાણભૂત, વિશ્વસનીય અને આધુનિક સંદર્ભમાં રજૂ કરાયેલા શૈક્ષણિક સંસાધનોની અછત છે. પ્રાચીન ગ્રંથો મોટા ભાગે સંસ્કૃત, પ્રાકૃત અથવા અન્ય શાસ્ત્રીય ભાષાઓમાં ઉપલબ્ધ હોવાથી, તેમની સરળ, તટસ્થ અને શૈક્ષણિક અનુવાદિત આવૃત્તિઓની અછત અનુભવાય છે. વધુમાં, પાઠ્યપુસ્તકો અને અભ્યાસસામગ્રી ઘણી વખત આધુનિક શૈક્ષણિક જરૂરિયાતો અને શીખનારની સ્તરને અનુરૂપ રીતે વિકસાવવામાં આવી નથી.

(૨) શિક્ષકોની સજ્જતા:

IKSને આધુનિક વિષયો સાથે સંકલિત કરીને શીખવવા માટે શિક્ષકોમાં વિશિષ્ટ જ્ઞાન, તાલીમ અને આત્મવિશ્વાસ જરૂરી છે. હાલ ઘણા શિક્ષકો પરંપરાગત ભારતીય જ્ઞાન પરંપરાઓ સાથે પૂરતા પરિચિત નથી અથવા તેને આધુનિક વિષયોમાં કેવી રીતે લાગુ કરવી તે અંગે સ્પષ્ટતા ધરાવતા નથી. પરિણામે, IKSનો સમાવેશ માત્ર ઔપચારિકતા સુધી સીમિત રહી જવાનો જોખમ રહે છે.

(૩) જ્ઞાનનું ગેરપ્રસ્તુતીકરણ અને રાજકીયકરણ:

IKSના એકીકરણમાં એક મહત્વપૂર્ણ પડકાર એ છે કે તેને ધર્મ અથવા સંકુચિત વિચારધારાની સાથે ગૂંથીને રજૂ કરવામાં આવે. જો વૈજ્ઞાનિક તર્ક અને પુરાવા વિના મિથકોને વિજ્ઞાન તરીકે રજૂ કરવામાં આવે, તો શિક્ષણની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊભા થાય છે. આ પ્રકારનું ગેરપ્રસ્તુતીકરણ IKSના સાચા બૌદ્ધિક મૂલ્યને નુકસાન પહોંચાડી શકે છે.

(૪) સમય અને અભ્યાસક્રમનું ભારણ:

હાલના અભ્યાસક્રમો પહેલેથી જ વિષયવસ્તુથી ભરપૂર હોવાથી, તેમાં IKSને સામેલ કરવું એક વ્યવહારુ પડકાર છે. જો IKSને વધારાના વિષય તરીકે ઉમેરવામાં આવે, તો વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમિક ભારણ વધવાની શક્યતા રહે છે. તેથી, સંકલિત અને સંતુલિત અભિગમ જરૂરી બને છે.

**૬.૨. આગળનો માર્ગ:**

(૧) IKS ને વૈજ્ઞાનિક પદ્ધતિથી રજૂ કરવું:

IKSના એકીકરણ માટે આવશ્યક છે કે તેના વૈજ્ઞાનિક, તર્કસંગત અને પુરાવા આધારિત પાસાઓ પર જ ભાર મૂકવામાં આવે. પ્રાચીન જ્ઞાનને આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ સાથે તુલનાત્મક રીતે રજૂ કરીને, વિદ્યાર્થીઓમાં સમીક્ષાત્મક વિચારશક્તિ વિકસાવી શકાય. આ અભિગમ IKSને વિશ્વસનીય અને વૈશ્વિક સ્તરે સ્વીકાર્ય બનાવવામાં મદદરૂપ થશે.

(૨) રાષ્ટ્રીય IKS મિશનની સ્થાપના:

IKSના સંશોધન, દસ્તાવેજીકરણ, અનુવાદ અને પ્રસાર માટે એક સમર્પિત રાષ્ટ્રીય સ્તરની સંસ્થાની સ્થાપના જરૂરી છે. આ પ્રકારની "રાષ્ટ્રીય IKS મિશન" વિવિધ યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ અને શૈક્ષણિક બોર્ડ્સ વચ્ચે સમન્વય સાધી શકે છે, તેમજ ગુણવત્તાયુક્ત પાઠ્યસામગ્રી અને તાલીમ કાર્યક્રમો વિકસાવવામાં મદદરૂપ બની શકે છે.

(૩) ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ:

ડિજિટલ ટેકનોલોજી IKSના પ્રસાર માટે એક શક્તિશાળી સાધન બની શકે છે. SWAYAM, DIKSHA અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા ગુણવત્તાયુક્ત IKS સામગ્રીને વિશાળ પ્રેક્ષકવર્ગ સુધી પહોંચાડી શકાય છે. ડિજિટલ આર્કાઇવિંગ, ઑનલાઈન કોર્સીસ અને મલ્ટિમીડિયા સામગ્રી દ્વારા IKSને વધુ આકર્ષક અને સુલભ બનાવી શકાય છે.

(૪) આંતરરાષ્ટ્રીય જોડાણ અને સહયોગ:

IKSને વૈશ્વિક સ્તરે માન્યતા મળે તે માટે આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ અને સાંસ્કૃતિક સંગઠનો સાથે સહયોગ આવશ્યક છે. સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ, આંતરરાષ્ટ્રીય પરિસંવાદો અને વિનિમય કાર્યક્રમો દ્વારા ભારતીય જ્ઞાન પરંપરાઓનું વૈશ્વિક પ્રસારણ શક્ય બને છે. આ પ્રકારનું જોડાણ ભારતને વૈશ્વિક જ્ઞાન નકશા પર એક મહત્વપૂર્ણ સ્થાન અપાવી શકે છે.

**૭. નિષ્કર્ષ:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)–૨૦૨૦માં ભારતીય જ્ઞાન પરંપરાઓનું એકીકરણ ભારતની શિક્ષણ પ્રણાલીમાં એક ક્રાંતિકારી અને ઐતિહાસિક પરિવર્તનનું પ્રતિક છે. આ નીતિ દ્વારા શિક્ષણને માત્ર કુશળતા આધારિત અથવા રોજગારમુખી માળખાથી આગળ લઈ જઈને, મૂલ્યઆધારિત, સંસ્કૃતિસંવેદનશીલ અને સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાઓને આધુનિક શિક્ષણ સાથે સંકલિત કરીને, NEP–૨૦૨૦ ભૂતકાળના બૌદ્ધિક વારસાને વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતો સાથે જોડે છે.

IKSનું એકીકરણ શિક્ષણમાં સાંસ્કૃતિક મૂળભૂતતા, નૈતિક મૂલ્યો, તર્કશક્તિ અને ટકાઉ વિકાસ અંગેની સમજ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. યોગ, આયુર્વેદ, દર્શનશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન, કલા અને ભાષાશાસ્ત્ર જેવી ભારતીય જ્ઞાન પરંપરાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં માત્ર વિષયજ્ઞાન નહીં, પરંતુ જીવનદર્શન, સમીક્ષાત્મક વિચારસરણી અને સામાજિક જવાબદારીનું સંવર્ધન શક્ય બને છે. આ પ્રકારનું શિક્ષણ વિદ્યાર્થીઓને સ્થાનિક સંદર્ભમાં દૃઢ બનાવે છે અને સાથે સાથે વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે સક્ષમ કરે છે. IKSના અસરકારક અમલીકરણમાં ગુણવત્તાયુક્ત સંસાધનોની અછત, શિક્ષકોની સજ્જતા, અભ્યાસક્રમિક ભારણ અને જ્ઞાનના ગેરપ્રસ્તુતીકરણ જેવા પડકારો રહેલા છે. જો આ પડકારોનો સામનો વૈજ્ઞાનિક અભિગમ, પદ્ધતિસરની શિક્ષક તાલીમ, સંસ્થાગત સમર્થન અને બિન-રાજકીય દૃષ્ટિકોણ સાથે કરવામાં આવે, તો IKSનું એકીકરણ માત્ર શક્ય જ નહીં પરંતુ અત્યંત પરિણામદાયક સાબિત થઈ શકે છે.

અંતમાં એવું કહી શકાય કે NEP–૨૦૨૦ અંતર્ગત ભારતીય જ્ઞાન પરંપરાઓનું એકીકરણ ભારતની શિક્ષણ પ્રણાલીને તેના મૂળ સાથે ફરી જોડે છે અને સાથે સાથે તેને આધુનિક, વૈશ્વિક અને ભવિષ્યમુખી

બનાવે છે. યોગ્ય અમલીકરણ સાથે, આ નીતિ ભારતને ખરા અર્થમાં "જ્ઞાન મહાશક્તિ" તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે અને એક સંસ્કારી, નૈતિક તથા જ્ઞાનઆધારિત સમાજના નિર્માણનો માર્ગ ખુલ્લો કરે છે.

**સંદર્ભ સૂચિ:**


1. ભારત સરકાર, (2020), રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી
2. શિક્ષણ મંત્રાલય, (2021), Indian Knowledge Systems (IKS): National Framework, ભારત સરકાર, નવી દિલ્હી
3. IKS Division, AICTE, (2022), Indian Knowledge Systems: Introduction and Perspectives, નવી દિલ્હી
4. રાધાકૃષ્ણન, એસ., (2013), ભારતીય તત્વજ્ઞાન, રાજપાલ એન્ડ સન્સ, નવી દિલ્હી
5. શ્રી અરવિંદ, (2005), ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણ, શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન
6. શર્મા, આર. એસ., (2011), પ્રાચીન ભારતનો ઇતિહાસ અને સંસ્કૃતિ, ઓરિએન્ટ બ્લેકસ્વાન
7. પાંડે, આર. એન., (2019), ભારતીય શિક્ષણ પરંપરા, વિશ્વવિદ્યાલય પ્રકાશન
8. કૌટિલ્ય, અર્થશાસ્ત્ર (અનુવાદ સાથે), ચૌખંબા પ્રકાશન
9. UNESCO, (2015), Education for Sustainable Development, UNESCO Publishing
10. NITI Aayog, (2021), Transforming Education in India, Government of India